# માન. વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા. ૮-૩-૨૦૧૧**

ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ. કુંદનલાલ ધોળકિયાનું ભુજ ખાતે અવસાન થતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે કોંગ્રેસ પક્ષ વતી શ્રદ્ધાંજલિ પાઠવતાં જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાનો ઈતિહાસ સુવર્ણ અક્ષરે લખવામાં જેનું મહત્ત્વનું યોગદાન હતું તેવા શ્રી ધોળકિયાની વિદાય અત્યંત આઘાતજનક છે. સ્વ. ધોળકિયા ૧૯૭૫થી ૮૦ સુધી વિધાનસભાના અધ્યક્ષ રહ્યા તેમજ મુંબઈ વિધાનસભા અને ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે સેવાઓ આપી હતી. ગુજરાત વિધાનસભામાં અધ્યક્ષ તરીકે ખૂબ જ પ્રશંસનીય માર્ગદર્શક કામગીરી શ્રી ધોળકિયાની રહી હતી. સ્વ. કુંદનલાલ ધોળકિયા જ્યારે તેઓ વિધાનસભાના અધ્યક્ષ હતા ત્યારે મુખ્યપ્રધાન તરીકે બાબુભાઈ જશભાઈ પટેલની સરકાર હતી તે સમયે ધારાસભ્યશ્રીઓમાં આયારામ-ગયારામની સંસ્કૃતિ ચાલુ હતી. ગૃહની બજેટની ચર્ચા દરમ્યાન એક દિવસ પોતાના પક્ષ તરફથી સ્વ. ધોળકિયાને કહેવામાં આવ્યું હતું કે, સરકારના પક્ષમાં સભ્યો ઓછા છે માટે આજે ગૃહ મળે કે તુરત જ ગૃહની કાર્યવાહી મોકુફ રાખજો. શ્રી ધોળકિયા પર પોતાના પક્ષના સભ્યોનું દબાણ હોવા છતાં સ્વ. ધોળકિયાએ અધ્યક્ષ તરીકેની પોતાની જવાબદારી અને ગરિમાને સમજીને ગૃહ મુલત્વી ન રાખ્યું અને પરિણામે પોતે જે પક્ષના હતા તે પક્ષની સરકાર એક મતથી હારી ગઈ. આ પ્રકારે તટસ્થ કામગીરી કરવામાં એક ઐતિહાસિક દાખલો ગુજરાતના ઈતિહાસમાં સ્વ. ધોળકિયાનો છે. જે-તે સમયના મુખ્યમંત્રીશ્રી બાબુભાઈ જશભાઈ પટેલે પાછળથી સ્વ. ધોળકિયાને અભિનંદન આપતાં કહ્યું હતું કે, ''તમોએ મૂલ્યોનું જતન કરીને મારી પ્રતિષ્ઠા સાચવી લીધી છે.'' ગુજરાતના આવા ગૌરવપૂર્ણ ઈતિહાસ રચનાર સ્વ. ધોળકિયાના અવસાનથી એક ઉમદા વ્યક્તિત્વ ગુજરાતે ગુમાવ્યું છે. આજકાલ શામ, દામ અને પ્રપંચથી એવોર્ડ અને મેડલો તથા પોતે શ્રેષ્ઠ છે તેવા પ્રમાણપત્રો રાજકીય નેતાઓ યેનકેન પ્રકારે મેળવતા હોય છે ત્યારે સ્વ. ધોળકિયા એવા વ્યક્તિ હતા કે પોતાને મળેલા એવોર્ડ કે ઈનામોનો અસ્વીકાર કરતા હતા. સ્વતંત્રતાની લડતમાં જેલવાસ ભોગવનાર શ્રી ધોળકિયાએ સ્વાતંત્ર્ય સેનાનીનું પેન્શન લેવાની સાફ ના પાડી દીધી. ૧૯૯૮માં ગુજરાત સરકાર સ્વ. ધોળકિયાને સુવર્ણચંદ્રક આપવા માંગતી હતી. પરંતુ સ્વ. ધોળકિયાએ તેનો અસ્વીકાર કર્યો હતો. વિશ્વ ગુજરાતી સમાજ તરફથી રૂા. એક લાખના સ્વ. કનૈયાલાલ દેસાઈ એવોર્ડનો પણ તેમણે અસ્વીકાર કર્યો હતો. વર્ષ ૨૦૦૬માં રાષ્ટ્રપતિશ્રીના હસ્તે તેઓ સન્માન લેવા માટે પણ ગયા ન હતા. સન્માન લેવા જતાં પ્રજાના પૈસે વિમાનની ટિકીટનો ખોટો ખર્ચ વ્યાજબી નથી તેમ તેઓએ જણાવી તે સન્માનનો અસ્વીકાર કર્યો હતો. આવા સ્વ. કુંદનલાલ ધોળકિયાને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રકાશિત કરવા માટે માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)**
અંગત મદદનીશ

# માન. વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

**ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.**

**<u>અખબારી યાદી</u>** **<u>તા. ૮-૩-૨૦૧૧</u>**

વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને અણિશુદ્ધ જનનેતા સ્વ. કુંદનલાલ ધોળકિયાના અવસાન નિમિત્તે કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી તેમજ કોંગ્રેસ અધ્યક્ષાના રાજકીય સચિવશ્રી અહમદભાઈ પટેલે શ્રદ્ધાંજલિ પાઠવી છે. સ્વ. ધોળકિયાના અવસાનથી સંસદીય પ્રણાલિકાઓના પ્રખર મુઠ્ઠી ઉંચેરા માનવીની વિદાય થઈ છે. શ્રીમતી સોનિયાજીએ તથા શ્રી અહમદભાઈ પટેલે સ્વ. ધોળકિયાની અધ્યક્ષ તરીકેની પ્રશંસનીય કામગીરીને બિરદાવતાં જણાવ્યું હતું કે, સ્વ. ધોળકિયાના જીવનમાંથી જાહેર જીવનની સહુ કોઈએ પ્રેરણા લેવી જોઈએ.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રકાશિત કરવા માટે માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરી છે.

(જે. જે. રસાણીયા)
અંગત મદદનીશ